श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. { वीर सं. २४४५—भाद्रपद आत्म सं. २४ } अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


૧ પર્યુષણપર્વનિમિત્ત પ્રભુ સ્તુતિ. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. )... ... ૩૩
૨ મિચ્છામિદુક્કડમ્ ( ,, )... ... ... ... ૩૪
૩ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ) ... ... ... [illegible]
૪ ધર્મની ભાવના જાગ્રત કરવાની જરૂર. ( મુનિ. કર્પૂરવિજયજી મહારાજ ) ... ૩૬
૫ માન—અભિમાનની પણ કંઇ હદ હોય ખરી કે? ( ,, )... ... ... ૩૭
૬ શ્રાવક કોને કહેવા ? ( એક જૈન ) ... ... ... ... ... ૩૮
૭ આભ્યંતર શાંતિ. ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ... ... ... ૩૯
૮ જૈન સમાજની આધુનિક સ્થિતિ—સડો કયા ભાગમાં છે? (રા. માવજી દામજી )... ૪૩
૯ કાળ અને આત્માનું બળાબળ. ( રા. ફતેહચંદ ઝવેરભાઇ )... ... ... ૪૬
૧૦ માધ્યસ્થં ધમ ભૂષણમ્. (શેઠ મણિલાલ સુરજમલ) ... ... ... ૫૦
૧૧ હિત વચન માળા. (મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ) ... ... ... ૫૨
૧૨ પ્રભુ સ્તુતિ. ( મુનિ. શ્રી કસ્તુરવિજયજી મહારાજ ) ... ... ... ૫૩
૧૩ વર્તમાન સમાચાર. ( સભા ) ... ... ... ... ... ૫૪
૧૪ દીક્ષા મહોત્સવ. (મળેલું) ... ... ... ... ... ... ૫૫
૧૫ ગ્રંથાવલોકન. (સભા) ... ... ... ... ... ... ૫૬


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

# સોળમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

### (શ્રી જ્ઞાનસાર–ગદ્ય–પદ્ય અનુવાદ મૂળ સાથે.)

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે દર વર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈન કે અન્ય બંધુઓને પઠન પાઠનમાં અવશ્ય ઉપયોગી અધ્યાત્મનો આ ગ્રંથ, કે જેના મૂળના કર્ત્તા મહાત્મા અધ્યાત્મ રસિક ન્યાયવિશારદ ઉપાધ્યાયજી મહારાજ **શ્રી યશોવિજયજી** મહારાજ છે, કે જે શ્રી "જ્ઞાનસાર" અષ્ટકજીના નામથી સુપ્રસિદ્ધ અધ્યાત્મ ગ્રંથ છે, તેના પદ્યનો જુદા જુદા રાગથી અનુવાદ અને સાથે ઘણુંજ સરલ ગુજરાતી ભાષાંતર એ બંને મૂળ સાથે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ ગ્રંથ અપૂર્વ અધ્યાત્મનો હોઇ વાંચકના હૃદયમાં અધ્યાત્મભાવ પ્રગટાવે તેવો છે. અનેક જીવોનો ઉપકાર કરવા નિમિત્તેજ શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજે આ અધ્યાત્મિક ગ્રંથની રચના કરેલી છે. શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજે અનેક ગ્રંથો રચેલા છે. જેમાંનો આ ગ્રંથ અપૂર્વ અને અધ્યાત્મભાવ પ્રગટ કરાવવા માટે અદ્‌ભુત છે. સર્વ કોઇ સરખો લાભ લઈ શકે તે માટે મૂળ ( સંસ્કૃત ) તથા ગુજરાતી ભાષામાં કાવ્ય અને ભાષાંતર સાથે આપવામાં આવેલ છે. આવા ઉત્તમોત્તમ ગ્રંથનું શાંત રીતે અધ્યયન કરવાથી અધ્યયન કરનાર દરેક મનુષ્યનું હૃદય તેવા ઉત્તમ ગુણ ગ્રહણ કરવા લાયક બને છે તે સાથે મોક્ષમાં જવાને એક ઉત્તમ સાધન બને છે.

**હાલમાં ચાલતા મહાન યુદ્ધને લઇને કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમીત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએ જ ચાલુ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇડીંગ સાથે પ્રસિદ્ધ થયો છે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ રહેલા તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશે જ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, **છતાં અત્યાર સુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય. અથવા છેવટે, બીજાં બાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ સભાને તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિં. તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આસો સુદ ૨ ના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું દર વરસ મુજબ વી. પી. કરવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિં કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १७ ] वीर संवत् २४४५, भाद्रपद. आत्म संवत् २४. [ अंक २ जो.

## पर्युषणपर्वनिमित्त प्रभुस्तुति.

વસંતતિલકા.

નિત્યે સકામી જનના ભયને હરીને,<br>
નિષ્કામ જે જીનવરા કરતા ભવિને;<br>
સંસારી માનવ તણાં ચરિતો સુધારે,<br>
સંસાર સાગર અખિલ તરે જ પોતે. ૧<br>
પોતે સદાય સ્થિરભાવ વિષે રહેતા,<br>
અસ્થૈર્ય ધારણ કરે જ વિહાર કાળે;<br>
તેવા વિરાગી પ્રભુના પદકંજમાંહે,<br>
પર્યુષણે પ્રણમતા ભવિકો સુભાવે. ૨

વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मिच्छामि दुक्कडम्.

ત્રોટક.

મન વાણી અને કહિ કાય થકી, કંઇ જીવ વિરાધન હોય કર્યું;
રતિ દ્વેષ ધરી કપટી હૃદયે, કહિ આચર્યું ક્રુરપણું જ હશે. ૧
અવિનીત બની અપમાન કીધું, શુશ્રૂષા ન કરી ગુરૂની મનથી;
શુભ ભાવ વડે જ ખમાવું સહુ, અપકૃત્ય પવિત્ર સુપર્વ મહિં. ૨

વિ.

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

( ગતાંક પૃષ્ટ ૧૦ થી શરૂ )

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥

( દોહરો )

વિત્ત તણી છે ત્રણ ગતિ, દાન, ભોગ ને નાશ;
ન કરે દાન, ન ભોગવે, તો તે થાય વિનાશ.

पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाणखंडेषु रत्नसंज्ञा विधीयते ॥

( અનુષ્ટુપ્ )

વાણી, અન્ન ને પાણી, રત્ન એ પૃથિવીપરે;
પથ્થરને રત્નો, કે'નારા મુરખા ખરે.

मूर्खो वर्षाप्रवे...

नाना धान्योषधीनों पितरि गृहे नार्जिता येन विद्या
निजविभवे संग्रहं यो न कुर्यात् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हित्वा भार्यां सुशीलां रतिमिह कुरुते भर्तृमृत्यां च दास्यां
वाण्या वैराभिलाषी समयमतिजडो वक्ति राजन् खगोऽयं ॥

( છપ્પો )

માથે બેઠો બાપ છતાં જે વિદ્યા ન ભણે,
કરી વાણીથી વેર સંપને જે નર ન ગણે;
સ્વસ્ત્રી તજી સુશીલ કરે દાસીને પ્યારી,
વિભવ છતાં નિજ કરે ન જે કણ સંગ્રહ ભારી;
વળી વર્ષાઋતુમાં જે નર સદા વિદેશ જાવા નિસરે,
વળી પ્રસંગમાં જે જડમતિ તે મોટો મુરખ ખરે.

अज्ञः सुखमाराध्यः सुखतर माराध्यते विशेषज्ञः ।
ज्ञानालवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ॥

( દોહરા )

સ્હેલો છે સમજાવવો, મહા મુરખ જગમાંહ્ય;
એથી પણ સ્હેલી રીતે, સમજુ સમજાવાય.
પણ અલ્પજ્ઞાની અને, અર્ધદગ્ધ જે હોય;
બ્રહ્માથી પણ તેમનું, સમાધાન નવ હોય.

स्वदेशजातस्य नरस्य नूनम्
गुणाधिकस्यापि भवेदवज्ञा ।
निजांगना यद्यपि रूपराशि
स्तथापि लोकः परदारसक्तः ॥

( પુષ્પિતાગ્રા )

બહુ ગુણથી ભરેલ હોય ભાઇ,
પણ ન મળે નિજ દેશમાં વડાઇ;
અતિ સ્વરૂપવતી છતાં સ્વદારા,
નર પરસ્ત્રીપર પ્રેમ જોડનારા.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મની ભાવના જાગૃત કરવાની જરૂર.

" યતો ધર્મસ્તતો જયઃ "

ગમે તેવો આકરો પ્રસંગ ઉભો થયો હોય તો પણ પંડિત પુરૂષો સ્વકર્તવ્ય-ધર્મનો ત્યાગ કરતા નથી; કેમકે જ્ઞાની પુરૂષો કહે છે કે '**જે ધર્મનું રક્ષણ કરે છે તેનોજ જય થાય છે.**' એ ઉત્તમ શિષ્ટ વચનને અનુસરી આપણે સહુએ અવશ્ય સ્વકર્તવ્યપરાયણ થવું જોઇએ. ધીરજ રાખી ખરી ખંતથી સ્વકર્તવ્ય-ધર્મમાં મચી રહેવાથી જરૂર આપણો જય ( ઉદય ) થવા પામશે. આજકાલ જ્યાં જ્યાં દ્રષ્ટિ નાંખી જોઇએ ત્યાં ત્યાં સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવામાં બહુધા ઉપેક્ષા, કહો કે બેદરકારી જોવામાં આવે છે, અને એથી ઉલટી દિશામાં પ્રયાણ થતું જોવામાં આવે છે એ હકીકતજ મૂળથી આપણી અજ્ઞાનતા સૂચવે છે. તે સૂચવે છે કે સ્વકર્તવ્ય-ધર્મનું આપણને બરાબર ભાન જ થયું નથી અથવા તો આપણે તેને વિસારી દીધું છે. જ્ઞાની મહાત્માઓ તો કહે છે કે સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કર્યા વગર તમારો જય કે ઉદય જ થવાનો નથી. તેથી જો તમે તમારો જય કે ઉદય કરવા ઇચ્છતા જ હો તો પ્રથમ તમે સ્વકર્તવ્યધર્મને સારી રીતે સમજવાનો ખપ કરો. સ્વકર્તવ્યધર્મને જે સારી રીતે જાણતા-સમજતા હોય, તથા તે કર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવાથીજ આપણો જય કે ઉદય થવાનો છે એવી જેમની દ્દઢ શ્રદ્ધા કે માન્યતા હોય અને એવી ઉંડી શ્રદ્ધા સહિત જ જે પ્રમાદ તજી સ્વકર્તવ્યધર્મનું યથાર્થ પાલન કરવામાં ઉજમાળ રહેતા હોય એવા પ્રમાણિક પુરૂષો પાસે વિનય બહુ માનપૂર્વક સ્વકર્તવ્ય-ધર્મને તમે બરાબર સમજો તથા તેથી જ તમારો જય કે ઉદય સધાશે એવી શ્રદ્ધા યા માન્યતાને દ્દઢ કરો અને એવી દ્દઢ શ્રદ્ધા પ્રતીતિ સાથેજ સ્વકર્તવ્ય-ધર્મનું યથાવિધિ પાલન કરવા સકળ પ્રમાદ પરિહરી સદાકાળ સાવધાન રહો. સહુને પોતપોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય ધર્મ પાળવાનો હોય છે. એવી શાસ્ત્રમર્યાદા પરાપૂર્વની ચાલી આવે છે. પરંતુ સંયોગોની વિચિત્રતાથી તેમાં ઘણો બીગાડો થયેલો જોવાય છે-સમજમાં, શ્રદ્ધામાં તેમજ વર્તનમાં ફેરફાર થયેલો છે. મજબુત મનના, ઉદાર દીલના અને સમયજ્ઞ સુજ્ઞ-ચકોર ભાઈ બ્હેનો ધારે તો ખરા ખંત ભર્યા પ્રયાસથી તેમાં ઠીક સુધારો થઇ શકે એમ છે. પરંતુ બેપરવાઇ કે ઉપેક્ષા કરવાથીજ ઘણું કામ બગડે છે. જો સ્વપરહિતકારી કાર્ય જરૂર કરવુંજ હોય તો તેવી બેપરવાઇ કે ઉપેક્ષા કરી શકાય નહી. શાસનપ્રેમી, દયાળુ અને સત્યવાદી ખરા ત્યાગી વૈરાગી સાધુ સાધ્વીઓ જો આ અગત્યની વાત દીલ ઉપર લે તો સદુપદેશવડે તેઓ ઘણું શાસનહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકે. ખરા શાસનરાગી અને સદ્દગુણપ્રેમી શ્રાવકશ્રાવિકાઓએ પણ સમય ઓળખીને એવા ઉત્તમ સાધુ સાધ્વીઓ તેમજ નિર્મળ આચારવિચારવાળા શાણા શ્રાવક શ્રાવિકાઓનાં હિતવચન આદરથી સાંભળી પોતાનું આચરણ સુધારવા જરૂર લક્ષ રાખવું જોઇએ. ઉત્તમ યોગ્યતાવાળા સાધુસાધ્વી કે શ્રાવકશ્રાવિકાનો યથોચિત વિનય–સત્કાર કરવાથી આપણામાં રૂડી યોગ્યતા આવે છે. આપણું દુઃખદાયી અજ્ઞાન, મિથ્યાત્વ અને દુરાચરણ ટળે છે–દૂર થાય છે અને આપણામાં ખરેખર સુખદાયક તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વરમણુતા જાગે છે–પ્રગટે છે. એ જ આ દુર્લભ માનવભવાદિક ઉત્તમ સામગ્રી પામવાનું સાર્થક્ય છે. તે વગરનું એ બધું નકામું છે. જો કે અજ્ઞાન, અશ્રદ્ધા, મિથ્યાત્વ અને સ્વચ્છંદાચરણથી આપણી પારાવાર ખરાબી ( પડતી ) થઇ છે પરંતુ હજી સમય ઓળખી સાવધાન થઇ જશું તો પાછી ઉન્નતિ સાધી શકાશે. ઇતિશમ.

લે૦–મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# માન–અભિમાનની પણ કંઇ હદ હોય ખરી કે ?

“ વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચડયાં કેવળ ન હોય રે—વીરા મોરા૦ ”

**વ્હાલા બંધુઓ અને બ્હેનો !**

એકદા ભરત અને બાહુબલી વચ્ચે દૈવયોગે ભારે યુદ્ધ થયેલું. તેમાં કરોડો મનુષ્ય અને પશુઓનો સંહાર થતો જોઈ, કરૂણાથી જેમનું હૃદય ચીરાય છે એવા ઉત્તમ દેવોએ બંને બંધુઓને એ અઘોર યુદ્ધથી ઉપરામ ( વિરામ) પામીને, એક બીજાની હારજીતની ખાત્રી કરવા દ્વંદ્વયુદ્ધની જ ભલામણ કરી. તેમાં પણ જ્યારે બાહુબલીની જ જીત અને ભરતની હાર થઇ ત્યારે દિઙ્મૂઢ જેવા બનેલા ભરતે બાહુબલી ઉપર પોતે કરેલી પ્રતિજ્ઞા વિસારી ચક્રરત્ન મૂક્યું. તે પણ તેને ત્રણ વખત પ્રદક્ષિણા દઇ પાછું ફર્યું ત્યારે ભરત વિલખો થયો અને બાહુબલીએ ચક્ર સહિત તેને ચુરી નાંખવા પોતાની વજ્ર જેવી કઠણ મુષ્ટિ ( મુઠી ) ઉપાડી. એજ વખતે વળી વિચાર આવ્યો કે આ અમોઘ મુષ્ટિપ્રહારથી એ ચક્રવર્તી રૂપ મારા વડીલ બંધુનું અવશ્ય મૃત્યુ થશે અને તેના પાપ અને અપયશથી હું કલંકિત થઇશ. તેથી એ ઉપાડેલી મૂઠી વડે પંચમુષ્ટિ લોચ કરી, વિરાગ જાગવાથી પોતે સાધુ–અણગાર બન્યા: પૂર્વે પોતાના ૯૮ અનુજો ( લઘુ બંધુઓ ) એ જેનું શરણ ગ્રહેલું છે એવા આદીશ્વર પ્રભુની જ સેવા કરી સ્વમાનવભવ સફળ કરવા ભાવ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તેમ કરવા જતાં પ્રથમના દીક્ષિત થયેલા લઘુ બંધુઓ કે જે અત્યારે સાધુ સ્થિતિમાં વર્તે છે તેમને મારે જરૂર નમન-વંદન કરવું પડશે એ વિચારે તે બાહુબલી મુનિને ઘેર્યો. છેવટે મનમાં નિશ્ચય કર્યો કે અહીં જ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થઇ કેવળજ્ઞાન ઉપાર્જન કર્યા પછી જ પ્રભુ પાસે જઇશ તો પછી વાંધો આવશે નહિ. એમ મનથી જ નક્કી કરી ત્યાં જ પોતે નિશ્ચળ થઇને કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિત થયા. ત્યાં જ એક વર્ષ વીતી ગયું છતાં અભિમાનવશ થયેલા તે મુનિને કેવળજ્ઞાન પ્રગટ ન થયું. આ બધી હકીકત કેવળજ્ઞાનદિવાકર આદીશ્વર પ્રભુ જાણતા જ હતા. પૂર્વે બ્રાહ્મી બ્હેને પ્રભુ પાસે દીક્ષા લીધી હતી ત્યારપછી ભરતની આજ્ઞા--અનુમતિ મેળવી સુંદરીએ પણ દીક્ષા પ્રભુ પાસે ગ્રહણ કરી. તે બંને સાધ્વીઓને અવસર પામી યથાયોગ્ય સમજાવી જ્યાં બાહુબલી મુનિ કાઉસગ્ગ ધ્યાને સ્થિર ઉભા રહ્યા છે ત્યાં તેને પ્રતિબોધવા નિમિત્તે મોકલી. ત્યાં આવીને તપાસ કરતાં મુનિશ્રી ચોતરફ વેલડીઓવડે વિંટાયેલા હોવાથી મુશ્કેલીથી નજરે પડયા. પછી બંને સાધ્વીઓએ પ્રભુની હિતશિક્ષાના પ્રતિધ્વનિ જેવાં, 'વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચડયાં કેવળ ન હોય રે ' ઇત્યાદિ હિત વચનો કહ્યાં. તે વચનો કર્ણગોચર થતાં બાહુબળી મુનિ વિચારમાં પડયાં કે આ વચનો મનેજ સંબોધીને કહેવાયાં છે ખરા, પરંતુ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થયેલા એવા મારે ગજ-હાથી સાથે શો સંબંધ છે ? એકાગ્રપણે તેના ઉપર ઉંડો આલોચ કરતાં તે મહામુનિને ખરૂં તત્વ-સત્ય સમજાયું કે હું પોતે જ અભિમાન રૂપી ગજ-હાથી ઉપર આરૂઢ થયેલો છું. વયથી લઘુ એવા સાધુરૂપ બંધુઓને હું કેમ નમું ? કેમ વંદું ? આ જ ઉત્તુંગ માન-અભિમાનરૂપી ગજ-હાથી. તેના ઉપર ચઢેલો છું ત્યાંસુધી મને કદાપિ કેવળજ્ઞાન પ્રગટવાનું નથી. એથી જ એ અભિમાનરૂપી હાથી ઉપરથી નીચે ઉતરી, નમ્રતા ધારી એ મહાનુભાવ મુનિવરોને સદ્ભાવથી નમન-વંદન કરવું મને હિતકારી-કલ્યાણકારી જ છે. એમ નિશ્ચય કરી કાઉસગ્ગ પારી, પગ ઉપાડી પ્રભુ પાસેજ જતાં તે મહામુનિને કેવળજ્ઞાન ત્યાંજ પ્રગટ થયું. તેવાં કોઈ ઉત્તમ ગુણવગર મિથ્યાભિમાન કરી દુઃખી થનારા જીવને આના કરતાં બીજા દૃષ્ટાંતની ભાગ્યેજ જરૂર પડશે. લઘુતા ત્યાંજ પ્રભુતા વસે છે. ઇતિશમ.

લે૦-મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક કોને કહેવા ?

શ્રાવક ભાઈ તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે પણ, મન અભિમાન ન આણે રે. શ્રાવક૦ ૧
સકલ લોકમાં વંદે સહુને, નિંદા ન કરે કેની રે,
વાચ કાય મન નિશ્ચળ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. શ્રાવક૦ ૨
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જીવ્યા થકી અસત્ય ન બોલે, પરધન નવ ગ્રહે હાથ રે. શ્રાવક૦ ૩
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેનાં મનમાં રે,
અરિહંત નામ શું તાળી લાગી, સકલ તીરથ તેનાં મનમાં રે. શ્રાવક૦ ૪
મણ લોભીને કપટ રહિત જે, કામ ક્રોધ નીવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દરશન, કરતાં કુલ અજવાળા રે. શ્રાવક૦ ૫

# આભ્યંતર શાંતિ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

મનુષ્યના જીવનમાં શાંતિ એક અમૂલ્ય વસ્તુ છે. શાંતિ એ સ્થાનમાં દૃષ્ટિગત થાય છે કે જ્યાં સ્વાધીન, સ્વાવલમ્બનશીલ અને સચ્ચારિત્ર્ય મનુષ્યોનો નિવાસ હોય છે. દૃઢ પ્રતિજ્ઞા, ઉદ્દેશની સ્થિરતા, આત્મનિર્ભરતા અને આત્મબળને શાંતિ કહેવામાં આવે છે. શાંતિનો એ અર્થ નથી કે મનુષ્યે કેવળ આળસુ, નિરૂદ્યોગી અને સાહસહીન સ્થિતિમાં બેસી રહેવું. એ તો મૃત્યુની નિશાની છે; કારણ કે એ અવસ્થામાં તમામ શક્તિઓ નિષ્ક્રિય બની જાય છે અને જીવન તદ્દન નિરસ બની જાય છે. જેને શાંતિ પ્રાપ્ત થયેલી હોય છે તેનું જીવન તો સદા સરસ અને આનંદમય હોય છે.

જે મનુષ્ય માત્ર દૈવ પર વિશ્વાસ રાખી બેસી રહે છે તેને કદાપિ શાંતિ મળી શકતી નથી. આવો મનુષ્ય પોતાની વર્તમાનસ્થિતિથી સ્હેજ પણ આગળ વધતો નથી અને ભવિષ્યની કોઇ પ્રકારની ચિંતા કરતો નથી. આવો મનુષ્ય કાયર અને પુરૂષાર્થહીન બની જાય છે. એના મુખમાં કોઇ ખાદ્યપદાર્થો નાંખી જાય છે તો તે ભોજન કરે છે, નહિ તો એજ આળસુ સ્થિતિમાં પડ્યો રહે છે. તે પોતે કશું કામ કરવા શ્રમ લેતો નથી. આવા માણસની દશા નાવિક વિનાના વ્હાણ જેવી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જેને વ્યવસ્થા વગર સમુદ્રમાં તજી દેવામાં આવ્યું હોય. કયી દિશામાં અને કયાં જવાનું છે તે તેને માલૂમ નથી હોતું. જે દિશા તરફ પવન લઇ જાય તે દિશા તરફ તે ઘસડાય છે. એ જ પ્રમાણે આળસુ મનુષ્યનું જીવન અત્યંત અનિયમિત હોય છે. તેનો કોઇ જાતનો સંકલ્પ હોતો નથી, કોઇ ઉદ્દેશ હોતો નથી તેમજ તેની કોઇ જાતની કાર્યપ્રણાલિકા પણ હોતી નથી; આ પ્રકારના મનુષ્યોને કદાપિ શાંતિ મળી શકતી નથી. આ સ્થિતિને કદિ પણ શાંતિનું નામ આપી શકાય નહિ.

આથી ઉલ્ટું જે માણસ પુરૂષાર્થપર વિશ્વાસ રાખે છે તેનું જીવન તપાસીયે તો આપણને ઘણુંજ નિયમસર લાગશે. તેના જીવનનો ઉદ્દેશ પ્રથમથી જ નિર્દિષ્ટ કરેલો હોય છે અને તે સદા નિશ્ચિતમાર્ગપર ગમન કરનાર હોય છે. એ માર્ગે ગમન કરવામાં ગમે તેટલી આપત્તિઓ અથવા મુશ્કેલીઓ આવે, ગમે તેટલું નુકશાન સહન કરવું પડે તો પણ એ ધીર-વીર પુરૂષ પોતાના નિર્દિષ્ટ ઉદ્દેશથી કિંચિત્ પણ ચલિત થતો નથી અને પોતાના માર્ગથી કદિ પણ પાછો હઠતો નથી; એ તો નિર્ભય બનીને આગળ વધ્યો જાય છે; કેમકે એ તો જાણતો જ હોય છે કે માર્ગમાં અનેક વિઘ્નો આવ્યા કરે તો પણ તેનાથી ગભરાવું જોઇએ નહિ. વિકટ સમયમાં ધૈર્ય અને સાહસ ધારણ કરવા જોઈએ. એ સમજે છે કે મારે કાંઈ બીજું કરવાનું જ નથી, પરંતુ જે કાંઇ કરવાનું છે તે યથાશક્તિ સારૂં કરવું જોઇએ. સંભવિત છે કે તેને કોઈ કારણવશાત્ પોતાના માર્ગથી સ્હેજસાજ પાછા હઠવું પડે, પરંતુ તે શીઘ્રતાથી પોતાના સ્થાનપર પહોંચી જાય છે. એવું નહિં કે જ્યાં પવન લઇ જાય ત્યાં ચાલ્યો જાય. ' હું મારા નિયત સ્થાનપર કયારે પહોંચીશ, કેવી રીતે પહોંચીશ, અથવા મારા ઉદ્દેશમાં કયારે સફલતા મેળવીશ,' એ સર્વ વાતની તે પરવા અથવા ચિંતા કરતો નથી. તે તો પોતાનું કાર્ય કર્યે જાય છે. આટલું બધું કરવા છતાં કદાચ તેને સફલતા નથી મળતી, તેનું કાર્ય સિદ્ધ નથી થતું તો તેથી તે નિરાશ અને અધીર બની જતો નથી.

શાંત મનુષ્ય પોતાનાં સર્વ કાર્યો મહા ધીરતાપૂર્વક કરે છે. કોઈને ખ્યાલ પણ નથી આવી શકતો કે ભવિષ્યમાં તેની કેવી સ્થિતિ થશે અને તેનાં કાર્યનું શું પરિણામ આવશે. મનુષ્યને હમેશાં નવા નવા પ્રસંગો અને નવી નવી બુદ્ધિઓની સંપ્રાપ્તિ થયા કરે છે, અને તેથી મનુષ્યનું કર્ત્તવ્ય છે કે તેણે એ સર્વનો યથાશકિત સદુપયોગ કરવો જોઇએ.

શાન્તિ એ મનુષ્યની આંતરિક સ્થિતિ છે. તેનો સંબંધ હૃદયની સાથે રહેલો છે. હૃદયમાં શાંતિ હોવી જોઇએ. બાહ્ય શાંતિને શાંતિ કહી શકાતી નથી. અભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે ત્યારે બહાર ગમે તે હોય તો પણ બહારની ગડબડથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આભ્યંતર શાંતિ ઉપર લેશ પણ અસર થતી નથી. જેવી રીતે પવનની અસર માત્ર સમુદ્રની સપાટી ઉપર, અથવા વધારેમાં વધારે બસો ત્રણસો ફીટ નીચે થાય છે અને તેની નીચે કોઇ પણ પ્રકારની અસર થતી નથી અને એક જ સ્થિતિ રહે છે એવી રીતે આભ્યંતર શાંતિની સ્થિતિ હોય છે. આપણે જીવનના મહાન પ્રશ્નો ઉકેલતા હોઇએ છતાં પણ આપણા નિત્યના ન્હાનાં કાર્યોમાં અત્યંત શાંતિ ધારણ કરવી જોઇએ. જે મનુષ્ય પોતાની જાતપર અંકુશ રાખી શકે છે, પોતાની ઇંદ્રિયોનું દમન કરી શકે છે અને મનઃ સંયમ રાખી શકે છે તે જ મનુષ્યને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ સુલભ છે. ઇંદ્રિયદમનનું બીજું નામ જ આભ્યંતર શાંતિ છે.

જ્યારે તમને સાંસારક ચિંતાઓ સતાવે અને તમે આપત્તિઓથી આવૃત્ત થઇ જાઓ ત્યારે શાંતિના પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો અને અલ્પ સમય સુધી સઘળું ભૂલી જઇ શાંતિદેવીની આરાધના કરવાનો ઉપક્રમ કરો. આ સમયે પણ જો સાંસારિક ચિંતાઓ અને પીડાઓ તમને દબાવી દે અને તમે એ-નાથી દબાઇ જાઓ તો સમજવું કે તમારાથી કાંઇ પણ કાર્ય થઇ શકશે નહિ. તમે હમેશાં એનાથી દબાયલા રહેશો અને એનાપર કદિ પણ આધિપત્ય મેળવી શકશો નહિ. ચિંતા અને આપત્તિના સમયમાં શાંતિ પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય એ છે કે જે જે વાતોથી તમને ગભરાટ ઉત્પન્ન થાય છે તે પ્રત્યેકને પૃથક્ પૃથક્ સમજવા યત્ન કરો અને તમારી સંપૂર્ણ સંકલ્પશક્તિ એના પર લગાવી દો. આમ કરવાથી તમને પ્રતીતિ થશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થવાથી સર્વ અંધકાર દૂર થઇ જાય છે તેવી રીતે તમારી સર્વ પ્રકારની મુંઝવણનો શિઘ્ર અંત આવી જશે. તે પછી જો તમારા હૃદયમંદિરમાં શાંતિનો ચમત્કાર પ્રકાશિત થશે અને તમને નવીન શક્તિનું ભાન થવા લાગશે તો તમને સંપૂર્ણ આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થવા લાગશે, અને ત્યારે જ તમે મોટી મોટી આપત્તિઓ અને કઠિન પ્રસંગોની સામે વીરતા અને નિ-ર્ભયતાથી થઇ શકશો. કદાચ તમારી સર્વ આશાઓ અને સર્વ ઉદ્યોગો નિષ્ફળ જાય તો પણ તમને લેશ પણ ગભરાટ કે મુંઝવણ થશે નહિ અને તમે એમ કહેશો કે ' કંઇ હરકત નહિ, હમણાં સફલતા ન મળી તો ભવિષ્યમાં કોઇ દિવસ પણ મળશે. '

જ્યારે તમને જણાય કે અન્ય લોકો ઇર્ષ્યા વા દ્વેષભાવથી તમારી નિંદા કરે છે, તમારા પર આક્ષેપો કરે છે, અને તમને કોઇ પણ પ્રકારનું નુકશાન કરવા તત્પર બને છે અને એ વખતે તમને ક્રોધ વ્યાપી જાય છે તથા તમારા મનમાં તેનું વેર લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ જાય છે ત્યારે તમારે શાંતિને કામમાં લેવી જોઇએ. તે સમયે તમારે સ્મરણમાં રાખવું જોઇએ કે જે માણસ બીજાને માટે ખાડો ખોદવા તત્પરતા બતાવે છે તેના પતનને માટે સ્વયં કુવો તૈયાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા લોકોની સાથે નિષ્પ્રયોજન બુરાઇ કરવાવાળા મનુષ્યો પોતે જ તેનાં માઠાં ફળ ભોગવે છે. આવો કુદરતનો નિયમ હોવાથી વૈર અથવા બદલો લેવાની કશી પણ આવશ્યકતા રહેતી નથી. અદ્યાપિપર્યંત જગત્‌માં કોઇ પણ મનુષ્યએવો નથી થયો કે જેણે અન્ય માણુસોની સાથે બુરાઇ કરી અને કોઇ પણ રીતે, કોઇ પણ વખતે, તેને તેની બુરાઇનાં માઠાં ફળ ન ચાખવા પડયા હોય.

કોઇ માણુસ એમ સમજતો હોય કે મેં કોઇની સાથે બુરાઈ કરી અને તે મને શું કરવાનો છે તો તે તેની મોટી ભૂલ છે. પ્રકૃતિમાં ઝીણામાં ઝીણી બાબતો પણ નિયમસર અને ધોરણુસર ચાલે છે. દરેક વસ્તુનો જમા–ખર્ચ થાય છે અને છેવટે સર્વનો હિસાબ થઇ જાય છે. પ્રકૃતિ પોતાના હિસાબદારોના નામ દરમહિને કાઢી નાંખતી નથી. જે મનુષ્ય શાંત હોય છે તેને બદલો લેવાનું કર્મ એટલું બધું અધમ લાગે છે કે તે સ્વપ્નમાં પણ વૈર લેવાનો વિચાર કરતો નથી. જો કોઇ તેને સતાવે છે તો પણ તે શાંતિનોજ આશ્રય લે છે, નહિ કે બુરાઇનો બદલો બુરાઈથી લેવાનો વિચાર કરે છે.

જ્યારે મનુષ્ય ન્હાની ન્હાની બાબતોમાં શાંતિનો આશ્રય લેતા શીખે છે ત્યારે જ તે મોટા મોટા પ્રસંગોપર શાંતિ ધારણ કરી શકે છે. આવા માણસનું કોઇ વ્હાલામાં વ્હાલું સ્વજન મૃત્યુવશ થાય અને તેના મૃત્યુથી પોતાનું જીવન સર્વથા નિષ્ફળ થઈ ગયેલું જણાય તો પણ શાંતિ એ એક એવી વસ્તુ છે કે જેના આશ્રયથી તે સર્વ આપત્તિઓ ધીરભાવે સહન કરી શકે છે.

સ્થૂલ દૃષ્ટિએ જોતાં પ્રાયઃ દુષ્ટ અને નીચ મનુષ્યોનો આ સંસારમાં વિજય થતો જણાય છે. જે લોકો અપરાધી, માયાચારી અથવા દુરાચારી હોય છે તેઓ આબાદ અને સાધનસંપન્ન દશા ભોગવતા દૃષ્ટિગોચર થાય છે. આ પ્રકારનું દૃશ્ય લોકોને અવનત કરે છે અને સત્ય માર્ગથી ચલિત કરી અનીતિના માર્ગપર ઘસડી જાય છે; પરંતુ આભ્યંતર શાંતિનો અનુભવ કરનાર મનુષ્ય પર એનો લેશ પણ પ્રભાવ પડતો નથી. જો કે તે પણ જુએ છે કે સત્યનિષ્ટ લોકો મુશ્કેલીમાં છે અને અસત્યપરાયણ મનુષ્યો એશઆરામ ભોગવે છે, અનીતિમય જીવન વહન કરનાર લોકો નીતિવાન મનુષ્યથી આગળ વધી જાય છે, કપટ અને માયાચારથી દ્રવ્યપ્રાપ્તિ થાય છે, મૂર્ખ લોકો વિદ્વાનો કરતાં અધિક લાભ મેળવે છે તો પણ તે પોતાના માર્ગથી કદિ ચ્યુત થતો નથી. આવા પ્રકારની વાતોની તેના પર બિલકુલ અસર થતી નથી, તે તો પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતિથી કર્યે જાય છે અને બીજા લોકો શું કરે છે અને તેઓને તેનું શું ફળ મળ્યું છે તેની તે લેશ પણ દરકાર કરતો નથી. એવી સર્વ વાતોને તે દૈવાધીન છોડી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે મનુષ્યને એટલે બધે દરજ્જે શાંતિ પ્રાપ્ત થાય છે કે શાંતિ તેના એક અંગ રૂપ બની જાય છે, તે પોતે શાંતિમય બની જાય છે અર્થાત્ તે જ્યાં જાય છે ત્યાં સર્વત્ર શાંતિનાં જ તેજસ્વી કિરણો પ્રસારે છે ત્યારે એટલું કહેવું જોઇએ કે તે મનુષ્યે પોતાના જીવનમાં સફલતા પ્રાપ્ત કરી લીધી છે. આભ્યંતર શાંતિ એવી વસ્તુ નથી કે જે સ્વતઃ મળી જાય અથવા એકદમ પ્રાપ્ત થઈ જાય. એ પ્રાપ્ત કરવા માટે અનેક ગુણોની આવશ્યકતા છે; પ્રથમ તો આભ્યંતર શાંતિ શું વસ્તુ છે એ સમજવું જોઇએ.

જીવનનું તાત્પર્ય એ નથી કે ગમે તેવી રીતે જીવન વ્યતીત કરી દેવું. વસ્તુતઃ જીવન એક અતિ મહત્વની વસ્તુ છે. તેનો યોગ્ય આદર કરવો એ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. આપણું જીવન આપણા માટે તથા બીજાની ખાતર કેવી રીતે ઉપયોગી બનાવી શકાય તે જાણવાની તેમજ શીખવાની ખાસ જરૂરીયાત છે. જ્યારે મનુષ્યમાં શાંતિનો સંચાર થઈ જાય છે ત્યારે તે દુનિયાના કલહથી દૂર થઈ સ્વકાર્યમાં મગ્ન બની જાય છે. દુનિયાના અવનવા પરિવર્તનોની અસર તેના પર બિલ્કુલ થતી નથી. આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે મનુષ્ય પોતાના સ્વાર્થની ખાતર દુનિયાથી દૂર રહેવા મથે છે. આવા શાંતિપ્રિય મનુષ્યો તો અખિલ વિશ્વના પ્રાણીઓના આનંદ અને સુખમાં પોતાનો આનંદ સમજે છે. તેની શાંતિ પરમ પવિત્ર હોય છે. તે કોટિના મનુષ્યો પોતાને સંસારમાં જીવન વહન કરવાની શક્તિની સંપ્રાપ્તિ થાય એટલા માટે જ સંસારથી અલગ રહેવા મથન કરે છે. આવા શાંત સ્વભાવી મનુષ્યો જગતમાં સર્વત્ર પ્રસરી રહેલ અશાંતિરૂપ અંધકારનો વિલય કરી શાંતિનો તેજસ્વી પ્રકાશ વિસ્તારે અને શાંતિ દેવીનું ચિરસ્થાયી સામ્રાજ્ય સ્થાપે એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. ઇતિશમ્.

# જૈન સમાજની આધુનિક સ્થિતિ–સડો કયા ભાગમાં છે?

( ગતાંક પૃષ્ટ ૨૬ થી શરૂ )

લેખક—શા. માવજી દામજી શાહ.

**વ્યાપાર વિષયક ક્ષેત્ર.** ના વિષયમાં કહેવામાં આવે તો દેશનો સમગ્ર વ્યાપાર મોટે ભાગે જૈનોએ હાથ કરેલ છે. એમ જૈન કોમના વર્તમાન અને ભૂતકાળના ઇતિહાસ પરથી સિદ્ધ થાય તેમ છે, તેમ છતાં વ્યાપારપરાયણ જૈન કોમનો ઉદય દૃષ્ટિગોચર થતો નથી તેનાં કારણો એક નવીન પ્રકરણદ્વારા જણાવવાં યોગ્ય થઇ પડશે. આમાં તો તેની વ્યાપાર ધંધાની સ્થિતિ કેવી છે? તે દર્શાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યત્ન કરવામાં આવેલ છે. જૈનેનો મ્હોટો ભાગ વણિક વર્ગનો છે. તેમાં જાતો પણ અનેક છે. તે સમગ્ર જાતિના હાથમાં મોટે ભાગે અન્ય કોમોની અપેક્ષાએ આધ-વધિ સારા પ્રમાણમાં ટકી રહેલો જણાય છે. છતાં વ્યાપારપરાયણ જૈન કોમે એટલું તો અવશ્ય લક્ષમાં રાખવું ઉચિત છે કે પોતાના જાતિબંધુઓને જેમ બને તેમ પોતાના ચાલુ વ્યાપારમાં ઘટિત સ્થાન પર ગોઠવવા પ્રયત્ન કરવો જોઇએ. મનુષ્ય ગમે તેવો સ્વાશ્રયી હોય પરંતુ કોઇ પ્રસંગે અમુક પ્રકારની સહાય વિના અટકી પડે છે પણ ખરો; તેથી યોગ્ય માર્ગપર નહિ ચડવા પામેલ પોતાના જ્ઞાતિબંધુને ઘટતી સહાયની અપેક્ષા હોય તો તે આપીને ચાલતો બનાવવો, અને આગળ પર તેની યોગ્યતા મુજબ પોતાના વ્યાપારમાં અમુક હિસ્સો આપવો. આ વિષયમાં વ્યાપારી વર્ગને વિશેષ કહેવુંજ ઉચિત સમજાતું નથી; છતાં એટલી પ્રસંગાનુસાર સૂચના તો અવશ્ય કરવી જ પડશે કે જેમ વોરા અને મુસલમાન કોમમાં તેમજ પારસી અને દક્ષણી કોમમાં એવો એક પ્રકારનો સંબંધ જળવાઈ રહ્યો જોવામાં આવે છે. એક ખાતામાં ઉપરોક્ત કોમનો બંધુ વ્યાપાર કિંવા નોકરી કરતો હોય અને તેના જાતિભાઈને તેમાં જોડાવા ઇચ્છા હોય તો કિંવા તેનો જાતિભાઇ ધંધારહિત દૃષ્ટિએ પડતો હોય તો તે તેને સાથે તુરતજ જોડે છે; અને પોતાના જેવો બનાવવા યત્ન કરે છે. આ બંધુઓનું અનુકરણ જૈન શ્રીમંત વ્યાપારી જનોને કરવું ઉચિત જણાતું નથી ? શા માટે મ્હોટે ભાગે તેઓ આ પ્રમાણે કરતા નહિ હોય ? ખરેખર, અવનતિનાં કારણો આપણને ડગલે ડગલે નજરે પડે છે.

પરદેશગમનના પ્રશ્નના સંબંધમાં જૈનસમાજમાં સુભાગ્યે એવું હવે રહેવા પામ્યું નથી કે 'અન્ય સમાજમાં આજે જેવું છે અર્થાત્ પરદેશ ગમન કરી આવ્યા બાદ પ્રાયશ્ચિત લેવાં પડે, જ્ઞાતિબહાર મૂકવામાં આવે વગેરે વગેરે અનેક વિટંબ-નાઓ જૈનેતર સમાજમાં દૃષ્ટિગત થાય છે તેવું જૈનસમાજમાં હાલ કશું જોવામાં આવતું નથી. એ હર્ષ પામવાની બીના છે. વસ્તુતઃ પરદેશગમન કર્યા વિના-દેશ વિદેશમાં વ્યાપાર ખેડવાની પદ્ધતિઓનો પદ્ધતિસર અભ્યાસ કરી આવ્યા વિના દેશના વ્યાપારની પ્રગતિ કદિ થઈ શકવાની નથી, અને વ્યાપારવિષયક પ્રગતિ જ્યાં જોવામાં આવતી નથી ત્યાં પ્રજા પ્રાયઃ ભૂખમરો જ સહન કરતી હોય છે.

આપણા આર્યાવર્તના પૂર્વના ઇતિહાસ તરફ લક્ષ આપશો તો જણાશે કે પરદેશગમનનાં દ્વારો બંધ નહોતાં, વ્યાપાર, હુન્નર, કળા, કૌશલ્યાદિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતું પરદેશગમન કોઇ પ્રકારે તિરસ્કરણીય ગણાય જ નહિં, પરંતુ કેટલાક સંપ્રદાયો અમુક વ્યક્તિને પરદેશગમન કરી આવ્યા બાદ પોતાના સંપ્રદા-યમાં લેવાની-ભોજનાદિક વ્યવહારમાં સાથે રાખવામાં પોતાના સંપ્રદાયનો વિરોધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શાવે છે. તેનાં કારણો સ્પષ્ટ છે. કારણકે વિરોધ દર્શાવનાર સંપ્રદાય એમ માનતો હોય છે કે—"પરદેશગમન કરનાર વ્યક્તિએ પરદેશમાં નિર્દોષ વનસ્પત્યાદિક આહાર નહિં મળી શકતો હોવાથી મદ્યમાંસાદિક વસ્તુઓનો ઉપયોગ કર્યો હશે, એટલું જ નહિ પરંતુ કોઇ પણ પ્રકારે આહારાદિકમાં શુદ્ધતા જાળવી નહિ હોય."

એવી માન્યતા હોવાના સબબે પરદેશમાં પોતાનો અભ્યાસ વગેરે સમાપ્ત થઇ રહ્યા બાદ આ દેશમાં આવનાર વ્યક્તિને પ્રાયશ્ચિત્તાદિક આપી પાવન કરે છે, પરંતુ પરદેશમાં ગયા પછી અને ત્યાં રહ્યા પછી પણ જેઓ આહારાદિકમાં મક્કમપણે શુદ્ધતા જાળવી શકયા હોય તેઓને માટે પ્રાયશ્ચિત આવશ્યક નથી. સારાંશમાં, પરદેશગમન આજે સીવીલીયન, સીવીલ સર્જન, બારીસ્ટર, એમ. ડી, આદિ માત્ર થવા માટે વર્તમાન યુગમાં ન હોવું જોઇએ. કિંતુ વ્યાપારમાં વધારો કરવાના હેતુપૂર્વક થવું જોઇએ.

**રૂઢિનાં કેટલાંએક અયોગ્ય બંધનો** તરફ ખ્યાલ કરતાં જણાશે કે તે પણ આપણી પ્રગતિમાં આડખીલ સમાન ભાગ ભજવે છે. વસ્તુતઃ રૂઢિ એટલે રીવાજ. કોઇ પણ રીવાજનો મ્હોટે ભાગે પ્રસાર થાય છે ત્યારે તેના પ્રસારમાં કંઇક મૂલ ઉદ્દેશ અવશ્ય સમાયલો હોય છે. પરંતુ દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રમાં યથાસંભવ પરિવર્તન થતાં એટલો વિવેક પ્રત્યેક પ્રસંગે કરવો જોઇએ કે પરંપરાથી ચાલી આવતી અગર નવીન દાખલ થયેલી અમુક રૂઢિ સમાજની પ્રગતિસાધક છે કે બાધકારક છે? આ પ્રશ્નનું નિરાકરણ કર્યા વગરજ અંધશ્રદ્ધાથી જો અમુક રૂઢિનું અવલંબન લેવામાં આવે છે તો પરિણામ ઘણું વિપરીત આવતું જોવામાં આવે છે. સુજ્ઞ અને પ્રથક્કરણ કરનારા જનો એવી રૂઢિના ભોગ થઇ પડતા નથી. ગાડરીયા પ્રવાહરૂપ ચાલતા જમાનામાં જો કે રૂઢિબંધનો અનેક છે તોપણ તેમાંના એકાદનું પરિણામ આપણે તપાસી જોઇએ. દાખલા તરીકે, હિંદુ સમાજમાં કન્યા કેળવણી પ્રાયઃ બાર તેર વર્ષની વય સુધી લઇ શકાય છે. ત્યારપછી પણ કેળવણી ચાલુ રહી હોય તો તુરત અજ્ઞાન કુટુંબજનો ટીકા કરવી શરૂ કરે છે. ખરેખર, આ ટીકા તદ્દન અનુચિત છે, નિરર્થક છે અને કન્યા કેળવણી આગળ ન વધવા દેવાનો પ્રયત્ન છે. પરિણામે આજની કન્યા ભવિષ્યમાં માતૃપદ ધારણ કરે છે ત્યારે પોતાની સંતતિનું સત્યાનાશ વાળે છે. પોતે કેળવાયલી નહિ હોવાથી બાળબચ્ચાંઓમાં ઉચ્ચ સંસ્કારારોપણ બીલકુલ સ્થાપી શકતી નથી. અને તેથી બાળકોમાં મહત્વાકાંક્ષા શી રીતે પ્રકટે? આવી અનેક રૂઢિઓની બેડીમાં ભારતીય સમાજ જકડાઇ પડ્યો હોવાથી પોતે હાલ તો ઉંચું માથું કરી શકતો નથી, પરંતુ જેમ જેમ રાષ્ટ્રિય કેળવણીનો પ્રસાર થશે તેમ તેમ ઉદય થતો જશે.

**સમાજમાં ધર્માંધ વિચારોએ કરેલું** સ્થાન પણ કંઇ જેવું તેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ધર્મનું-નીતિનું ( પ્રમાણિકતા--ધૈર્ય-દયા-વિનય-વિવેક-સભ્યતા આદિનું ) અસ્તિત્વ કોઇપણ પ્રજામાં આવકારદાયક જ ગણી શકાશે. પરંતુ તેની સાથે જ્યારે બગવૃત્તિ જોવામાં આવે છે, ત્યારે તેની કોડી જેટલી પણ કિંમત અંકાતી નથી. આજે ધર્મનાં અત્યુચ્ચ સિદ્ધાંતોનું ઘણેખરે ઠેકાણે કશું ઠેકાણું નથી. પરંતુ માત્ર એકલીજ બાહ્ય ક્રિયાઓને જ પ્રધાનપદ અપાતું હોય તો એ તો ધર્માંધતાનો એક નમુનો કહી શકાય.

આ વૃત્તિ જ્યાં પ્રવેશ કરતી જોવામાં આવે ત્યાં સાવધાનતા ધારણ કરી તેનો સુધારો કરવા યત્ન કરવો જોઇએ. આવા વિચારો જ્યાં જ્યાં પ્રવર્તતા હોય છે ત્યાં ત્યાં કદિ સ્વપ્ને પણ ઉન્નતિનાં દર્શન થતાં નથી. ઉપરના કથનનો ફલિતાર્થ એવો છે કે નીતિના ઉચ્ચ સિદ્ધાંતો જેવાં કે, પ્રમાણિકતા, દયા, ધૈર્ય, ઔદાર્ય, શૌર્ય, કર્મનિષ્ઠતા આદિ ચુસ્તપણે પોતાનામાં સ્થાપિત કરવાં જોઇએ અને સાથે સામાયિકાદિ આવશ્યક નિત્ય કર્મો કરવામાં આવે તે ફળદાયક ગણાય. પરંતુ નૈતિક સદ્ગુણોનું કશું ઠેકાણું પણ હોય નહિ, અને કેવળ બાહ્ય ક્રિયાઓ કરવામાં આવે તો તેનો કશો અર્થ નથી. ધાર્મિક યા નૈતિક પ્રત્યેક પ્રવૃતિ વિચારપૂર્વક, સમજપૂર્વક અને વિવેકપૂર્વક કરવામાં આવે તોજ ફળસાધક થઇ પડે છે. અન્યથા તો તે ધર્માંધતામાં જ ખપે છે. ( અપૂર્ણ. )

## કાળ અને આત્માનું બળાબળ.

આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર જેને પાશ્ચાત્ય લોકો બુદ્ધિવાદની પરાકાષ્ઠા કહે છે તેના અને જૈન દર્શનના પરમાણુવાદ ( materialism ) ના સિદ્ધાંતો લગભગ એકજ દૃષ્ટિબિંદુ ( point of view ) માં સમાય છે એમ કહેવું જરા પણ અતિશયોકિત ભરેલું નથી. વિજ્ઞાને એમ સાબીત કરી આપેલું છે કે જ્યાં હાલમાં મોટા પહાડો દશ્યમાન થાય છે ત્યાં એક વખતે સમુદ્ર ગંભીર ગર્જના કરી રહ્યો હતો તેમજ જ્યાં હાલમાં મહાસાગર વિદ્યમાન છે ત્યાં એક વખતે પર્વતો ઉભા હતા. અગ્નિ પાણી વડે સોસાઇ જાય અથવા પાણી અગ્નિને બુઝાવી નાંખે છતાં વિજ્ઞાને સિદ્ધ કરેલું છે કે પાણી અને અગ્નિના એક પણ કારણનો વિનાશ થયેલો નથી. સમુદ્ર અને પર્વતોનું રૂપાંતર થવા છતાં તેના કારણો-પરમાણુઓ કાયમ રહેલાં છે. ફુલો ખરી પડે, ફળો પાકી જાય, અસંખ્ય વૃક્ષો દાવાનળથી ભસ્મ થઇ જાય અને અમૂલ્ય હીરાઓના કોલસા થઇ જાય તો પણ વિજ્ઞાન ફુલ, ફળ ઝાડ અથવા હીરાઓનું રૂપાંતર થયું છે તેમજ કહે છે; કારણ કે જે પરમાણુઓ ફુલ-ફળ, ઝાડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા હીરાઓનાં ઔદારિક દેહમાં ગુંથાઇ સૌંદર્ય રૂપે ખીલી નીકળ્યા હતા તેમાંના એક પણ પરમાણુનો નાશ થયો નથી. માત્ર આકૃતિઓ વિવિધ રૂપે બદલાતી ચાલે છે. **उत्पाद–व्यय** અને **ध्रौव्ययुक्तं सत्** એ સિદ્ધાંતથી રચાયલું **જૈન** દર્શન પણ પ્રત્યેક પદે એજ હકીકત પ્રકાશમાં મુકે છે અને તેથી જ જગત્ અને પદાર્થોને જૈન દર્શન અનાદિસિદ્ધ માને છે.

આ અનાદિપણું પરમાણુથી માંડીને મહાસ્કંધો પર્યંત મુખ્યત્વે કરીને પાંચ સમવાય–કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ–ઉપર રચાયલું છે. પદાર્થોનું સંઘટ્ટન વિઘટ્ટન કાળના નિયમને અનુસાર–પર્યાયોના ફેરફાર અનુસાર–થયા કરે છે. કાળનું પરિવર્તન અનેક ફેરફારો કરી નાંખવા છતાં પદાર્થોનું મૂળ સ્વરૂપ કાયમ રહે છે. જેમ કાળની અસર જડ વસ્તુઓ ઉપર થાય છે તેમજ ચૈતન્ય–આત્મા ઉપર પણ તે તેવીજ અસરો પ્રકટાવે છે. પરંતુ જડ અને ચૈતન્યની કોટિઓ જુદા જુદા સ્વભાવવાળી હોવાથી આત્મા ઉપર જ્યારે કાળની અસર પોતાનું કાર્ય બજાવ્યે જાય છે ત્યારે તે આત્માની સબળતા તે કાળની સામે પોતાના સામર્થ્યનું વાતાવરણ ઉત્પન્ન કરી શકે છે.

મનુષ્યપ્રાણીના સંબંધમાં તેમજ તેથી નીચી કોટિના આત્માઓના સંબંધમાં કાળથી પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટવા છતાં–એક શરીરમાંથી અન્ય શરીરમાં પ્રવેશ થવારૂપ–રૂપાંતર પામવારૂપ–આયુષ્યનો ક્ષય થતાં–કાળનું સામર્થ્ય વ્યક્ત સ્વરૂપમાં દૃષ્ટિગોચર થાય છે. આ જગત્‌માં મુખ્યત્વે કરીને દરેક મનુષ્યના હૃદયમાં હર્ષ અને શોકરૂપ બે પરસ્પર વિરોધી દ્વંદ્વો પ્રકટ અથવા અપ્રકટપણે રહેલા છે. આ બંને દ્વંદ્વોની ઉત્પત્તિનું સ્થાન જન્મગૃહ અને સ્મશાનના દશ્યોથી સમજી શકાય છે. જે કાળે જન્મગૃહ તરફ મનુષ્યોની નજર જાય છે તે કાળે આનંદમાં ઉન્મત્ત બની જાય છે, પરંતુ સ્મશાન ભણી જેમની નજર પહોંચેલી છે અને સ્મશાનને જેઓ છેવટનું સ્થાન માને છે તેઓ મૃત્યુના સંબંધમાં ઉપેક્ષા રાખવાનું કેમ પસંદ કરે? આ સંસારમાં એવો કોઇ પણ પ્રાણી નથી જેને અહીંથી જવું નજ પડયું હોય? આખા જીવનમાં ખાવું, પીવું અને એશઆરામ સિવાય બીજું કાંઇ પણ નહીં કરનારાઓ, અનેક પ્રકારની ધડમથલ અને ભાંજગડ કરનારાઓ તેમજ પારમાર્થિક જીવન ગાળનારાઓ–સર્વેની છેવટની શય્યા સ્મશાન જ છે.

ત્યારે આ સ્મશાનની પેલી પાર કોઈ આધ્યાત્મિક વિચારણા રહેલી છે? જો બીજી કોઇ વિચારણા ન રહેલી હોય તો પાશ્ચાત્ય જડવાદથી જૈનદર્શન અધ્યાત્મવાદમાં જુદું નજ પડી શકે અને જડવાદનો જ વાવટો વિજયવંત થાય. પરંતુ પુનર્જન્મ છે, આત્માને કૃતકર્મનું અવશ્ય ફળ ભોગવવું પડે તેમ છે, સદાચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને દુરાચાર વડે મુક્તિ અને નરકના અધિકારી થવાય છે વિગેરે ગૂઢ આધ્યાત્મિક તત્ત્વો જ્યારે મનુષ્ય સમજવા લાગે છે ત્યારે તે મૃત્યુ કે જે કાળનું વ્યક્ત સ્વરૂપ છે તેથી હાયવિલાપ નહિ કરતાં તેના આંતર સત્યની તપાસ કરવા લલચાય છે અને તે સત્ય સમજાવવાની ખાતર જ્ઞાની પુરૂષોએ સત્શાસ્ત્ર રચેલાં છે.

કાળની અસર જડ અને આધ્યાત્મિક બંને તત્ત્વો ઉપર વ્યાપક હોય છે; કેમકે કાળધર્મ હમેશાં નવું જુનું કરવાનો હોય છે. પરંતુ દુર્જન અને સજ્જન બંનેનો હિસાબ સંગ્રહી રાખવાનો તેનો સ્વભાવ છે અને આ બન્નેના ઇતિહાસથી મનુષ્યપ્રાણીઓને હેયોપાદેયતાનો વિવેક પ્રકટ થાય છે. સજ્જનોના વર્તનની શુભ અસર જ્યારે કાળનો ઇતિહાસ નોંધી રાખે છે ત્યારે મનુષ્યોને તે સુંદર ક્ષણે કાળ અને આત્માનું બળાબળ સમજવાનું પ્રાપ્ત થાય છે. પરમાત્મા મહાવીરનું નામ લગભગ ચોવીશ સૈકાઓ વીતવા છતાં અમર રહી ઉત્સાહી મનુષ્યોને સ્વાર્થત્યાગ અને સુખ દુ:ખના સંયમનનું કેવું અપૂર્વ શિક્ષણ આપી રહ્યું છે ? કાળ ઉપર સ્વામિત્વ મેળવી અમર થવા ઇચ્છનાર એ મહાત્માની ઓળખાણ થવા માટે કેવા ઉન્નત હૃદયની જરૂર છે ? જેમની દેશનામાં મૃગ અને સિંહાદિ પરસ્પર જન્મવિરોધી પ્રાણીઓ ચિત્રની મૂર્તિની જેવા સહયોગી બની તેમનું વાક્યામૃત ઝીલવા બેઠા હશે તે વખતે તે કાળના મનુષ્યોને તેમની અપૂર્વ સમતાનું ભાન કેવું થયું હશે ? આપણે તેની કલ્પના કરી શકીએ તેમ નથી. તે વખતનો કાળ જ તે તે મનુષ્યોના મન ઉપર અસર કરી શકે છે.

ૠણે જગતના પ્રાણીપદાર્થોની વ્યવસ્થા સમજવાને માટે કાળની કલ્પના થયેલી છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનું જેમ અસ્તિત્વ પ્રતીત થાય છે તેમ વસ્તુસ્વરૂપે અણુ અથવા સ્કંધરૂપે કાળ વિદ્યમાન નથી, પરંતુ તેની સત્તા સર્વ પ્રાણીપદાર્થોમાં વ્યાપક રૂપે છે.

નિર્બળ આત્માઓ—જેમને કાળની કશી કિંમત નથી છતાં કાળ તો પોતાનું સામર્થ્ય તેમના ઉપર ચલાવતો જ હોય છે—આલસ્યમાં અથવા ભોગતૃષ્ણાને જીવનપર્યંત તૃપ્ત કરવામાં પોતાનું જીવન સમાપ્ત કરી દે છે. અમૂલ્ય માનવજન્મની—કાળે માર્ગ કરીને પ્રાપ્ત કરાવેલા મનુષ્યપણાની—કિંમત તેમને હોતી નથી. તેઓ નિરંતર ડિંડિંમ વગાડીને કાળનો જ દોષ કાઢતા હોય છે. " ભાઇ ! શું કરીએ ? હજી વખત આવ્યો નથી. " આ અને આવા જ અર્થસૂચક શબ્દો હમેશાં તેમનાં મુખમાંથી નીકળતા હોય છે.

' સમય સમય બળવાન હૈ, નહિ પુરૂષ બળવાન ' એ વાક્ય કાળની મહત્ત્વતા દર્શાવનાર છે. એક ગર્ભશ્રીમંત મનુષ્યને એકદમ પૂર્વકર્મ યોગે નિર્ધન થતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇને આવું વાક્ય ઉચ્ચારાય છે; પરંતુ વસ્તુતઃ તેની રૂપાંતર પામેલી પરિસ્થિતિ પૂર્વકૃત કર્મ અને તદનુસાર થયેલી તેની બુદ્ધિને આભારી છે.

વિવેકશક્તિસંપન્ન સબળ આત્માઓ કાળ ઉપર દોષારોપ મુકી ઉદ્યમને તજી દેતા નથી. તેઓ આમ કરવાને ઉત્સાહી હોવાથી અમુક અંશે કાળ ઉપર પોતાના આત્માનું સામર્થ્ય ચલાવે છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી. શાસ્ત્રમાં સ્થળે સ્થળે આશ્ચર્યજનક રીતે જોવામાં આવે છે કે મહાત્માઓએ બહુ કાળે ભોગવવા યોગ્ય કર્મને અલ્પ કાળ ભોગ્ય બનાવી દીધું. કર્મની અપવર્તનાઓ આત્માના પ્રબળ ઉત્સાહ અને વેગને આભારી હોય છે. છેવટે આયુષ્યકર્મને જીતી અમર થનાર મહાત્માઓએ કાળ ઉપર વિજય મેળવ્યો છે એમ કહી શકાય છે, પરંતુ કાળનું અવ્યક્ત સ્વરૂપ સિદ્ધના જીવો સાથેનો સંબંધ કદાપિ મુકી શકતું નથી અને તે આપણી ગણત્રીને હીસાબે-આપણી અપેક્ષાએ-સંબંધ ગણાય છે. તેથીજ સમગ્ર પ્રાણી પદાર્થ સાથે સંબંધ ધરાવતા કાળના સ્વરૂપને દેખાડતા શ્રીમદ્ દેવચંદ્રજી વદે છે કેઃ—

> દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવગુણ રાજનીતિ એ ચારજી;
> ત્રાસ વિના જડ ચેતન પ્રભુની કોઇ ન લોપે કારજી.

અર્થાતઃ—કાળના નિયમને સર્વ પ્રાણીપદાર્થોને આધીન રહેવું પડે છે. કાળદ્રવ્યની સત્તા ભુત, ભવિષ્ય અને વર્તમાનમાં છુપાયલી છે. કાર્યકારણના નિયમને આધીન રહેલા જગતની પ્રત્યેક ગણત્રી કાળથી જ મપાય છે.

કાળના નિયમને અનુસરીને વિચાર અને કર્તવ્યભાવનાના સ્વરૂપમાં અનેક ફેરફાર થતા જાય છે. કેટલાક જૂના વિચારોનું સ્થાન નવા વિચારો લે છે. આવી સ્થિતિમાં જમાનાને ઉપયોગી જીવનવિકાસમાં જલ્દી સહાય થાય અને પૂર્વકાળનું લક્ષ્યસ્થાન એમને એમ રાખી યોગ્ય પ્રતિબિંબ ઝીલે એવું વિચારવાતાવરણ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે. પૂર્વકાળના દૃષ્ટિબિંદુને હાનિ ન પહોંચવી જોઇએ એ હકીકતને લક્ષમાં રાખીને પણ આચારનાં બાહ્ય સ્વરૂપો જે કાળક્રમે રૂપાંતર પામ્યે જાય છે તેને અનુકૂળ શુદ્ધ સ્વરૂપમાં મુકવાની આવશ્યક્તા આવી પહોંચી છે. એ પ્રત્યેક અનુભવી મનુષ્ય સમજી શકે તેમ છે, નહિ તો પૂર્વ અને પશ્ચિમના બુદ્ધિ અને હૃદયનાં આન્તર ( Subjective ) અને બાહ્ય ( Objective ) સ્વરૂપોના સંઘર્ષણથી કાળક્રમે કયાં કયાં નવીન બળો ઉત્પન્ન કરશે તે ભવિષ્યકાળને જ સોંપવું પડશે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# माध्यस्थ्यं धर्म भूषणम् ।

અનાદિ સંસારચક્રમાં પરિભ્રમણ કરવાવાળા અનંતાનંત જીવોમાં માધ્યસ્થ્ય ગુણ યુક્ત કતિપય જીવ જ હોઇ શકે છે. તેમાં પણ માધ્યસ્થ્ય ગુણની પરાકાષ્ટાએ પહોંચેલા એવા સર્વોત્તમ વીતરાગ જીવોની તો આ હડહડતા કલિયુગમાં આ ભારતવર્ષમાં કિંવદન્તી પણ નથી. તથાપિ " **शुभे यथाशक्ति यतनीयम** " વાક્યની સાર્થકતા કરતા કેટલાક જીવો વીતરાગદશાની માધ્યસ્થ્ય ગુણની યત્કિંચિત્ તુલના કરતા જોવામાં આવે છે. એ ખુશી થવા જેવું છે. હરેક વસ્તુ શનૈઃ શનૈઃ પોતાના અસલ સ્વરૂપને પ્રાપ્ત થાય છે અથવા એમ કહીએ કે પરિસમાપ્તિને પહોંચે છે. અનાદિકાળથી કર્મોના આવરણોમાં આવરાયેલો જીવ એકદમ કર્મ રહિત-કર્મથી મુકત સિદ્ધ પરમાત્મ સ્વરૂપ થતો નથી. પણ માટીના લેપથી ભારે થએલું તુંબડું જેમ જેમ માટી ખરતી જાય છે તેમ હલકું થતું થતું આખરે પાણીની ઉપર આવી તરે છે એવીજ રીતે જીવ પણ કર્મભારથી હલકો થતો થતો આખરે કર્મ રહિત થયો થકો લોકાગ્ર-સિદ્ધસ્થાન-ચિદાકાશ અપુનરાવૃત્તિ ગતિને પ્રાપ્ત થાય છે. કર્મરહિત થવાનું મુખ્ય સાધન કર્મબંધના સાધનને અટકાવવાનું છે. એટલે " **कारणाभावे कार्याभावः** " સિદ્ધજ છે. કર્મબંધનનું મુખ્ય કારણ રાગ દ્વેષ છે. રાગ દ્વેષ ટળે તો કર્મ બંધ ટળે. રાગદ્વેષ ત્યારે ટળે જ્યારે માધ્યસ્થ્ય ગુણ મળે. જેટલો જેટલો માધ્યસ્થ્ય ગુણ મળતો જાય તેટલો તેટલો રાગદ્વેષ ટળતો જાય છે અથવા તો એમ કહો કે જેટલો જેટલો રાગદ્વેષ ટળતો જાય છે તેટલો તેટલો માધ્યસ્થ્ય ગુણ મળતો જાય છે. જેમ જેમ માધ્યસ્થ્યગુણ મળતો જાય છે તેમ તેમ વીતરાગદશાની પ્રગતિ થતી જાય છે. યાવત્ પરિ સમાપ્તિ વીતરાગ શુદ્ધ સચ્ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ જીવ પોતાની અસલીયત-પોતાના સ્વભાવધર્મને પ્રાપ્ત થાય છે. " **वत्थुसहावो धम्मो** " સ્વભાવ એજ વસ્તુનો ધર્મ છે. એટલે જ્યાં સુધી પૂર્ણ ધર્મસ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મી વસ્તુ પૂર્ણતયા માની નથી જાતી. માટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ પરિસમાપ્ત કરવામાં માધ્યસ્થ્ય ગુણનું આલંબન લેવું ઉચિત છે. યદ્યપિ " **स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः** " કહેવાવાળા ઘણા છે. પણ માધ્યસ્થ્ય ગુણના ધણી બની પરમાર્થ બતાવવા વાળા વિરલા હોય છે. પોતપોતાનું તો બધાય ગાય છે. પણ માધ્યસ્થ્ય અવલંબી તટસ્થ તરીકે બીજાનું ગાણું ગાવાવાળા વિરલા પુરૂષો નજરે પડે છે. માધ્યસ્થ્ય અવલંબવા વાળા પોતાના આત્માને દુનિયામાં વિશ્વાસુ બનાવતા યાવત્ ઉત્ક્રાન્તિ-ઉન્નતિ દશાને પ્રાપ્ત થાય છે અને એજ માટે તેઓ માધ્યસ્થ્યનું અવલંબન લે છે, અને એજ ધર્મનું ભૂષણ છે, એજ આત્માનું ભૂષણ છે, અને એજ આત્માનું સ્વરૂપ છે.

For Private And Personal Use Only

આજ અમારી પાસે એક પુસ્તક આવેલ છે. જેણે અમારા વિચારને ઉત્તેજીત કરેલ છે. પુસ્તકનું નામ છે. " **जैनधर्मपर एक महाशयकी कृपा** " પુસ્તક હિંદી ભાષામાં સભ્યતાથી ભરપૂર પંડિત **હંસરાજ શર્માનું** લખેલ છે. અને પંડિત ભાગમલ્લ જલંધર પંજાબ નિવાસીએ પ્રગટ કરેલ છે. જેની કીમ્મત ચાર આના છે. મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા " અંબાલા શહર ( પંજાબ ) અને શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, રોશન મુહલ્લા, આગરા ( યુ. પી. ) છે. પુસ્તકનો વિષય આગ્રા નિવાસી મુનશી મગન વિહાર મુહકકીકે " **मांसाहारका आदि प्रचारक कौन** " આ નામનું એક પુસ્તક લખી એ જાહેર કર્યું છે કે દુનિયામાં માંસાહારનો ફેલાવો કરનાર જૈનો છે. જૈનોના પૂર્વજો સઘળા માંસાહારી હતા, વિગેરે. તેનો સપ્રમાણ ઉત્તર આપવામાં આવેલો છે. જૈનોએ પોતે જે કામ કરવાનું તે એક બ્રાહ્મણ પંડિતે મધ્યસ્થ રીતે કર્યું છે. તેથી જૈન તેમજ જૈનેતર સર્વને લાભપ્રદ નીવડવામાં જરા પણ શક રહેતો નથી.

પંડિતજીની કલમ કેવું કામ કરે છે તે " **स्वामी दयानंद और जैनधर्म** " નામનું પુસ્તક જેણે જોયું હશે તેને બરાબર અનુભવ છે. એટલે તેના વધારે ઓળખાણ કરાવવાની જરૂર નથી. સ્વામી દયાનંદ અને જૈનધર્મ નામનું પુસ્તક કે જે "શ્રીઆત્માનંદ પુસ્તક પ્રચારક મંડળ, રોશન મુહલ્લા, આગરા (યુ. પી.) થી આઠ આનામાં મળે છે. તેમાં " સત્યાર્થ પ્રકાશ " માં સ્વામી દયાનંદ સરસ્વતીજીએ જૈનોપર જે જે અસત્ય આક્ષેપો કરેલા છે તેનો પ્રત્યુત્તર મધ્યસ્થ દૃષ્ટિએ આપવામાં આવેલ છે. એવીજ રીતે આ પુસ્તકમાં પણ એક આર્યસમાજી તરફથી અનુચિત હુમલો કરવામાં આવ્યો છે. તેનો જવાબ સભ્યતાપૂર્વક આપવામાં આવ્યો છે.

પુસ્તક સાદ્યોપાંત વાંચવાથી પંડિતજીનું જ્ઞાન, તેમની લેખનકળા અને સભ્યતાની સાથે મધ્યસ્થતા ઝળકી આવે છે. ગઈ સાલ આચાર્ય શ્રીસાગરાનન્દસૂરિજીનું ચોમાસું મુંબઇ ગોડીજીના ઉપાશ્રયમાં હતું તે વખતે પર્યુષણના દિવસોમાં સદરહુ આર્યસમાજીના પુસ્તકો બાબત ઘણો પ્રોટેસ્ટ ઉઠાવવામાં આવ્યો હતો. જે તે વખતે હાજર રહેલા પૈકી સર્વ જૈનીઓની જાણમાં છે. આજસુધી જૈનો તરફથી એ બાબતમાં કાંઈપણ પગલાં ભરવામાં આવ્યાં હોય એમ સાંભળવામાં આવ્યું નથી. માલુમ પડે છે કે જૈનો ઘરમાં ને ઘરમાંજ લડવે શૂરા છે. એક જૈન જરા કોઇ વાતે સ્ખલના પામે તો તેની પાછળ તો ચારે તરફથી ડંડુકા લઇ ઉતરી પડવા બધા ભીમસેનના ભાઈ બનવા તૈયાર થઈ જાય છે. પણ એક જૈનેતર જે જૈનો પર હડહડતું અસત્ય આળ મૂકે ત્યાં ઉભા ઉભા પોહળો કરવા મંડી પડશે ! આવી સ્થિતિમાં એક બ્રાહ્મણ પંડિત જૈનોનું કામ કરી બતાવે—જૈનોને મદદ આપે તો તેને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો તરફથી બીજું કાંઇ નહિ તો ધન્યવાદ તો મળવો જ જોઇએ. માટે અમે એક જૈન તરીકે પંડિતજીની કૃતિને માન આપી પંડિતજીને ધન્યવાદ આપીએ છીએ. સાથે વિચારશીલ પુરૂષોને પ્રાર્થના કરીએ છીએ કે આપ સદરહુ પુસ્તક મંગાવી ધન્યવાદ આપવા લાયક હોય તો અમારા ધન્યવાદનું અનુમોદન કરશો.

શેઠ મણિલાલ સૂરજમલ. મુંબઈ.

# હિત વચન માળા.

( લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧ એક વખત પોતાની ઉપર કરેલા ઉપગારના સ્મરણથી કૃતજ્ઞતા વડે સજ્જન હોય તે સામા ( ઉપગારી ) એ કરેલા સેંકડો અપરાધને સહે છે-દરગુજર કરે છે, જ્યારે નીચ-દુર્જન, સેંકડો ઉપગાર કરનારનો પણ રૂડો બદલો વાળવો તો દુર રહે પણ ઉલટો અપકાર કરવા ચુકતો નથી. ઉપગારીનું પણ અહિતજ કરે છે.

૨ જે રાજાના વૈદ્ય, ગુરૂ અને મંત્રી મીઠા બોલા-ખુશામતીઆ હોય છે તેના શરીર ધર્મ અને ભંડારનો તરત નાશ થાય છે.

૩ જે જેમાં રક્ત હોય તેમાં તે ગુણુજ દેખે છે અને જેથી વિરક્ત હોય તેમાં દોષજ દેખે છે. જે નિર્પક્ષ-મધ્યસ્થ હોય તેજ યથાર્થસ્થિત ગુણ તથા દોષ દેખી જાણી શકે છે.

૪ અતિ ઉગ્ર પુન્ય અને પાપનું ફળ જીવને અહિંજ પ્રાપ્ત થાય છે. જે જેવું કર્મ કરે છે તે તેવું તેનું શુભાશુભ ફળ પામે છે.

૫ જેણે પરમાનંદ ( સ્વાભાવિક આનંદ ) જાણ્યો નથી તેવો અજ્ઞ જીવજ ક્ષણિક અને અસાર વિષય સુખને સારભૂત અને રમણિક લેખે છે જેણે કયાંય પણ ઘી જોયું આસ્વાદ્યું નથી હોતું તેજ બાપડા તેલને પ્રિય લેખે છે-ઘીને બદલે તેલ ખાય છે.

૬ જેમણે નિર્મળ જળવાળાં માનસ સરોવરમાં લાંબો વખત ક્રીડા કરી હોય તે હંસો જેમ સેવાળથી ભરેલા ખાઇના જળમાં નજ રાચે, તેમ પરમાનંદનો અનુભવ કરનારા ઉત્તમ વિવેકી જનોને ક્ષણિક અને અશુચિમય વિષય સુખમાં રતિ--પ્રીતિ નજ થાય.

૭ શિષ્ય, મિત્ર, ચાકર પુત્ર અને સ્ત્રી પ્રત્યે અતિ આક્રોશ-તર્જના-તાડનાદિકનો પ્રયોગ કરવો નહિ. 'કેમકે તેમ કરવાથી, જેમ દહીંને અતિ ઘણું મથવાથી ( વલોવવાથી ) માંખણ જુદું પડે છે તેમ તેમના અંતરમાં રહેલો સ્નેહ દૂર થઇ અલોપ થઇ જવા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ક્ષીણમોહ-નિર્મોહી મહાત્માઓ રોષ તોષને વશ થતાં નથી. મોહ ઘેલા વિકળ જનોજ ક્ષણમાં રૂષ્ટ અને ક્ષણમાં તુષ્ટ થતાં હાંસી પાત્ર બને છે.

૯ સમ સર્વત્ર સમભાવ રાખનારા મહામુનિઓ શત્રુ કે મિત્ર, તૃણ કે સ્ત્રી વર્ગ, સુવર્ણ કે પથ્થર, મણિ કે માટી અને મોક્ષ કે સંસારમાં ભેદ-વિશેષ લેખતા નથી.

૧૦ એવા નિસ્પૃહી મહાત્માઓને માન અપમાન કે નિંદા સ્તુતિમાં વ્યગ્રતા વિષમતા થતી નથી- તેમનું મન ઉચું નીચું થતું નથી પણ સમતોલ રહી શકે છે.

૧૧ તેવા સંત પુરૂષો ચંદ્ર જેવી શીતળતા વર્ષાવનારા, સાગર જેવી ગંભીરતા રાખનારા અને ભારંડપંખીની જેમ પ્રમાદને પરિહરી સદાય સંયમ માર્ગમાં સાવધાન રહેનાર હોય છે. વળી તેઓ કમળની જેમ રાગ-દ્વેષથી નિર્લેપ રહે છે તેમાં લેપાઇ-રંગાઇ જતા નથી. આવા મુનીશ્વરો સંયમ નાવ વડે આ સંસાર સાયરને જલ્દી તરી જાય છે, એટલુંજ નહિ પણ અનેક ભવ્ય જનોને આ ભયંકર જન્મ મરણ રૂપ દુઃખથી જળથી ભરેલો ભવસાગર તરી જવામાં સહાયભૂત થાય છે.

૧૨ ઉકત ઉત્તમ સાધુ જનોનું અનન્ય ભાવે શરણ ગ્રહણ કરી યથાશકિત ઇન્દ્રિય દમન કરનારા, ક્રોધાદિક ચારે કષાયનો નિગ્રહ-નિરોધ કરનારા, હિંસાદિક પાપ સ્થાનકોને તજી દયા સત્યાદિકનું યથાવિધિ પાલન કરનારા અને મન વચન કાયાનો બને તેટલો સાવધાન પણે સદુપયોગ કરનારા ગૃહસ્થ જનો (સ્ત્રી પુરૂષો) પણ યથા યોગ્ય સંયમના પ્રભાવે ( સત્ પાત્ર હોઇ તે ) ધીમે ધીમે પણ ચોક્કસ પરમાનંદ પદના અધિકારી થઇ શકે છે. ઇતિશમ.

# પ્રભુ સ્તુતિ.

## ( આત્મનિંદા ભાવના )

કરૂં છું નતિ ભાવથી નાથ આપો, સુબુદ્ધિ અને સર્વ દુર્બુદ્ધિ કાપો;
પ્રભુ વિશ્વમાં આશરો છે તમારો, ભવાંભોધિમાં ડુબતાંને ઉગારો. ભ૦ ૧
સ્તુતિ ના કદીએ કરી આપની મેં, કરી ગોઠડીઓ સદા પાપની મેં;
વિચાર્યા નહીં મેં કદી સુવિચારો. .... .... .... ભ૦ ૨
રચ્યા જાળ મેં તુચ્છ આશા ધરીને. ધર્યો હર્ષ મેં મુગ્ધને છેતરીને;
કર્યા છે પ્રપંચો પ્રભુ મેં હજારો.... ... .... .... ભ૦ ૩
વિભો ! માનની જાળ માંહી ફસીને, કરી મેં અવજ્ઞા તમારી હસીને;
કર્યા લોભ ને ક્રોધના કારભારો.... .... .... ... ભ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જપ્યો જાપ ના હે વિભો ! આપનો મેં, કર્યો સાથ છે શોક સંતાપનો મેં;
કર્યો પાપમાંહિ પ્રભુ મેં વધારો.... .... .... .... ભ૦ ૫
યમ ગર્જનાની ઉપેક્ષા કરી મેં, દુરાચારની સેવના આદરી મેં;
તજ્યો મેં પવિત્રાઇનો માર્ગ સારો. .... ... .... ભ૦ ૬
નીવાર્યું નહિ ચિત્તને ભોગથી મેં, લગાડયું નહિ ચિત્તને યોગથી મેં;
ગયો રોગ માંહી સહુ જન્મ મારો. .... .... .... ભ૦ ૭
વીદાર્યા ઘણા પ્રાણીઓ સ્વાર્થ સારૂ, નથી જોયું મેં કાર્ય સારૂં નઠારૂં;
કરી ચિત્ત કાઠું કર્યો મેં ધસારો. .... .... .... ભ૦ ૮
રડાવ્યા ઘણા રાંકને કષ્ટ આપી, પ્રભુ આપની આણ છે મેં ઉત્થાપી;
નહીં વાંક મારો વિભો ઉર ધારો. .... .... .... ભ૦ ૯
પ્રભુ શીખ માની નહીં મેં તમારી, સદા રાગ ને દ્વેષની આણ ધારી;
ગ્રહ્યો માર્ગ તેથી સદા મેં નઠારો. .... .... .... ભ૦ ૧૦
ભુલાવી પ્રભુ ભાન પોતાતણું મેં, ગુમાવ્યુ સહુ છે પ્રભુ આપણું મેં;
વિપત્તિ તણો મેં ન જોયો કિનારો. .... .... .... ભ૦ ૧૧
નેત્રોએ કરી નાથને મેં ન જોયા, બધા દીવસો મેં વિભો વ્યર્થ ખોયા;
પ્રભુ ના કદી આવતો ભાવ સારો. .... .... .... ભ૦ ૧૨
વંધ્ય વૃક્ષની જેમ આ જન્મ જાયે, નહીં કૃત્ય સારાં પ્રભુ તોય થાયે;
મને મૃત્યુ દેખી છુટે છે ધ્રુજારો.... .... .... .... ભ૦ ૧૩
દયા લાવીને દીનની સુખ આપો, જરા જન્મ મૃત્યુ તણાં કષ્ટ કાપો;
ગ્રહ્યો છે પ્રભુ હાથતો મેં તમારો. .... .... .... ભ૦ ૧૪
નાથ નામ છે આપનું વીર સ્વામી, ખરા વીર છો વિશ્વમાં આપ નામી;
જણાવ્યો હતો જે પ્રભુ ભાવ મારો. .... .... .... ભ૦ ૧૫

# વર્તમાન સમાચાર.

## મરૂ મહોદય.

શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજના સ્તુત્ય પ્રયાસથી ગોલવાડ–મારવાડમાં કેળવણી ફંડની શરૂઆત થઇ ચુકી છે. સુમારે અઢીલાખ ઉપર રૂપૈયા ભરાઇ ગયાછે. વળી બાલી–મારવાડમાં પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજના ચાતુર્માસથી–ઉપદેશથી તે ગામમાં સાઠ હજાર રૂપીયાની રકમ થઇ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ એક **શ્રી મહાવીર નવયુવક મંડળ** સ્થાપન થયું છે. ઉદ્દેશ કુધારાના સુધારા કરવાનો છે. ત્રણસો જૈનોએ કન્યાવિક્રય કરવાનો તેમજ લગ્ન પ્રસંગે નાચ કરાવવો તેમજ ફટાણા ગાવાનો સર્વથા રીવાજ બંધ કર્યો છે.

ઉપરોક્ત કેળવણી ફંડ માટે થોડા વખતમાં ગોલવાડ પ્રાંતની કમીટી બોલાવવામાં આવનાર છે. જેમાં ધારેલ **વિદ્યાલય** કયે સ્થળે કરવું તે તેમજ કયા ધોરણે કામ લેવું વગેરેનો નિર્ણય કરવામાં આવશે.

---

ગુજરાતમાં આવેલું શ્રી ઝઘડીયાજીતીર્થ જેમ ત્યાંની હવા પાણી માટે યોગ્ય સ્થળ ગણાય છે તેમ જૈનોના તીર્થસ્થળ માટે પણ ઉત્કૃષ્ટ સ્થાન ગણાય છે. ત્યાં અને આસપાસના ગામોમાં કે જ્યાં જૈનોની વસ્તી છે તેઓને ચાતુર્માસમાં મુનિ મહારાજની ઘણી જરૂરીયાત જણાય છે, પરંતુ તેઓ શું કરે ? એક સ્થળે ઘણા મુનિરાજો બીરાજમાન હોય અને તેઓશ્રીની જરૂરીયાતવાળા હિંદના બીજા ઘણા સ્થળો ખાલીજ રહી જાય છે, જેથી ઉપકાર થતો પણ અટકે. ખેર ગમે તેમ હો ! પણ આ વખતે આ તીર્થસ્થળમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ ચાતુર્માસ રહેલાં હોવાથી તે તીર્થસ્થળની આસપાસ ૨૦ ગામના જૈન બંધુઓ પર્યુષણ પર્વમાં ધર્મારાધન માટે ત્યાં આવ્યા હતા. જેથી યથાશક્તિ લાભ મેળવ્યો હતો. આ સબંધમાં ઉક્ત તીર્થસ્થળના શ્રી સંઘ તરફથી શેઠ દીપચંદ કેસરચંદ તથા શેઠ માણેકચંદ વમળચંદ અમારી મારફત દરેક મુનિરાજાઓને વિનંતિ કરી જણાવવા માગે છે કે અત્રે દરસાલ જો કોઇને કોઈ મહાત્માનું ચોમાસું થાય તો પચાસ ગામના જૈનબંધુઓ ઉપર ઉપકાર થાય તેવું છે, અને તેમ નહીં બનતું હોવાથી આ પચાસ ગામવાળા જૈનબંધુઓ પોતાનો ધર્મ કે આચાર શું છે તે પણ જાણતા નથી.

આવી રીતે આની હકીકત હોવાથી મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ કરીએ છીએ કે એક સ્થળે જો વિશેષ સંખ્યામાં મુનિરાજો બીરાજમાન થતા હોય તેને બદલે આવા આવા ગામોમાં કે જ્યાં વિચરવાથી ઉપદેશ દેવાથી માત્ર જૈનો ઉપર ઉપકાર થાય તેટલું જ નહીં પરંતુ વખતે તેવા ગામોમાં જૈનેતર ઉપર પણ ઉપકાર થઇ શકે. આવી બાબત માટે ઘણી વખત બોલાય છે, લખાય છે, પરંતુ લક્ષ આપવું તે અમારા પૂજ્ય મુનિમહારાજાઓની ઇચ્છા ઉપર છે.

( મળેલું. )

---

# દીક્ષા મહોત્સવ.

ગયા અશાડ શુદ ૨ ના રોજ હુશીયારપુર—પંજાબમાં શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજીના પ્રશિષ્ય પંન્યાસજી **શ્રી સુંદરવિજયજી મહારાજે** એક બંધુને દીક્ષા આપી છે, જેનું નામ મુનિ શ્રી લગ્નવિજયજી રાખવામાં આવ્યું છે. આ દીક્ષા મહોત્સવમાં હુશીયારપુરના શ્રીસંઘનો ઉત્સાહ ભારે હતો. પંજાબના માટા મોટા શહેરોમાંથી જૈન બંધુઓ તે પ્રસંગે આવી લાભ લીધો હતો. દીક્ષાનો સર્વ ખર્ચ બંધુ લાલા દોલતરાયજીએ કર્યો છે. તે સાથે તે ઉદાર નરરત્ન પુરૂષે પાઠશાળા વગેરેમાં પણ રકમ આપી છે. ( મળેલું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજીના પરિવાર મંડળના ચાતુર્માસ.

૧ મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ પુના–ફરગ્યુસન કોલેજ. શ્રી ભારત જૈન વિદ્યાલય.

૨ પંન્યાસજી શ્રી સુંદરવિજયજી વગેરે હુશીયારપુર–પંજાબ.

# ગ્રંથાવલોકન.

## ૧ શેઠ દેવચંદ લાલભાઇ જૈન ગ્રંથોદ્ધાર ફંડનો રિપોર્ટ.

ઉક્ત સંસ્થાનો સં. ૧૯૭૪ ની સાલનો રિપોર્ટ અમોને મળ્યો છે. એક સારી રકમથી અને વ્યવસ્થાપૂર્વક કાર્ય કરનાર આ સંસ્થા તરફથી અનેક જૈન ધર્મના સારા ગ્રંથો બહાર પડી ચુકયા છે અને ધારા પ્રમાણે તેનો લાભ જૈન સમાજને મળે છે. અત્યાર સુધીમાં ૪૭ ગ્રંથો છપાયા છે. અને હજી પ્રયાસ શરૂજ છે. કાર્યવાહક કમીટી અને તેમાં ખાસ કાર્ય કરનાર ઝવેરી જીવણચંદભાઇ સાકરચંદને અમો તે માટે ધન્યવાદ આપીયે છીયે. તેમનો આ રિપોર્ટ વાંચવાથી આવા ખાતાના રિપોર્ટ પ્રસિદ્ધ કરવાથી તે કેવા રીતે પદ્ધતિસર કાર્ય કરે છે તે માલુમ પડે છે. અમો તેની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

૨ **શ્રી મહુવા જૈન મંડળ**નો સં. ૧૯૭૩ ના ફાગણ માસથી સં. ૧૯૭૫ ના માહા માસ સુધી વર્ષ એનો રિપોર્ટ અમોને તે ખાતાના શ્રીયુત સેક્રેટરી તરફથી મળ્યો છે, વર્તમાન સમયને જેની જરૂરીયાત છે તેવી કેળવણીની વૃદ્ધિ મહુવા જૈન સમાજમાં કરવા માટેનો આ પ્રયાસ છે. કમીટીના બંધારણ અને ધારા ધોરણ સાથે આવતી ઉપજનો વ્યય પણ યોગ્ય રીતે આ મંડળ કરે છે તેમ રિપોર્ટ ઉપરથી માલમ પડે છે. આ સંસ્થા મહુવા નિવાસી જૈન બંધુઓની દરેક રીતે મદદને પાત્ર છે અમે તેની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

૩ **ધી જૈન એસોસીએશન ઓફ ઇંડીયા તરફથી ધી જૈન આરોગ્યભુવન સબ કમીટા**નો રિપોર્ટ અમોને મળ્યો છે, મુંબઇમાં જૈનોનું મરણ પ્રમાણ બીજી કોમ કરતાં વધારે આવે છે તે શોચનીય સ્થિતિ જાહેર પેપર દ્વારા આંકડાઓ આપી નરોત્તમદાસ બી, શાહે તેમજ આ કમીટીના શ્રીયુત સભ્યોએ આ રિપોર્ટ બહાર પાડી બતાવી આપી છે, તે સાથે જરૂરીયાત સ્થળ, પ્લાન, અડસટ્ટા બીજા તેવા સ્થળો તપાસી વગેરે તમામ યોજના પણ ઉપરોક્ત સંસ્થા પાસે રજુ કરેલ છે જે ખાસ જાણવા જેવુ છે. હવે માત્ર ઉદાર જૈન બંધુઓની ઉદારતા ઉપરજ અવલંબી રહેલું આ કાર્ય જલદીથી વિશાળતાથી કરવાનીજ જરૂર છે ખરેખર પુણ્ય અને અનુકંપાવાળું આ કાર્ય જલદીથી પાર પડે તેમ અમે ઇચ્છીયે. તેમજ દરેક જૈન બંધુઓએ આ કાર્યમાં તનમન અને ધનથી મદદ આપવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા–શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ જૈન મેઘદૂત સટીક.
૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ. ૭ જૈન ઐતિહાસિક ગુર્જરરાસ સંગ્રહ.
૮ અંતગડદશાંગ સૂત્ર સટીક–ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૯ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇ માણસાવાળાની દ્રવ્ય સહાયથી.
१० श्री अनुत्तरोवाईसूत्र सटीक शा॰ कचराभाइ नेमचंद खंभातवाळा तरफथी॰
११ श्रीनंदीसूत्र श्रीहरिभद्रसूरिकृत टीका साथे॰ बुहारीवाळा शेठ मोतीचंद सुरचंद तरफथी॰
૧૨ શ્રી ઉપાસક દશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પનાજી.
૧૩ શ્રી નિર્યાવલી સૂત્ર શ્રી શીહોરના સંઘ તરફથી.

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભત સટીક. ૨ ષટસ્થાનક સટીક.
૨ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૬ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૭ વિજયદેવસૂરિ માહાત્મ્ય. ૮ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૯ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ. ૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૧ ધાતુપરાયણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

**( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે ).**

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલછે . પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).

૬. **શ્રી સંબોધ સપ્તતિ**—શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ અને વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી–કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખાપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિતે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણું પ્રકારી પૂજા એ દાખલ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. ટાઇટલ (પુંઠું) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિં૦ ચાર આના પો૦ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

શ્રીમદ્ પન્યાસજી મુક્તિવિમળ મહારાજના રચેલાં નીચેના પુસ્તકો થોડા દિવસમાં પ્રસિદ્ધ થશે, જેથી તે સાધુસાધ્વી તથા જાહેર સંસ્થાઓને અને લાયબ્રેરીઓને ભેટ આપવાના છે, જેથી જેઓને ખપ હોય તેમણે નીચેના શીરનામેથી મંગાવી લેવા.

**૧ જ્ઞાનપંચમી કથા. ૨ પોસદશમ કથા. ૩ મેરૂ તેરસ કથા. ૪ રોહિણીની કથા.**

**કોઠારી ચંદુલાલ મોહોલાલ.**

ઠે૦ દેવસાના પાડે—**અમદાવાદ.**

---

## શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિત્તે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

## પુસ્તક પહોંચ.

**નીચેના પુસ્તકો અમોને ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.**

**શ્રી પર્યુષણાકલ્પ મહાત્મ્યમ્**—( દયાવિમલ જૈન ગ્રંથમાળા નં. ૧૨ ). હા૦ વકીલ કેશવલાલ પ્રેમચંદ તરફથી.

**કલ્પસુત્ર**—( શ્રી ખરતર ગચ્છીય ) મુનીશ્રી મણીસાગરજી. મુંબઇ.

**દશવૈકાલીક સુત્ર**—( બે કોપી ) પન્યાસજી રીદ્ધી મુનીમહારાજ. ખંભાત.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| દોશી કુંવરજી વીરજી | કુંડલા | પે. વ. વા. મેમ્બર. |
| શેઠ અનોપચંદ ગોવીંદજી | ભાવનગર | ,, |

For Private And Personal Use Only

# આપણામાં ઉદાર ભાવના યા નિઃસ્વાર્થતા પ્રગટાવવાની અનિવાર્ય જરૂર.

**સદ્ભાવના** એ આપણો **મુદ્રાલેખ** હોવો જોઇએ. સહુ સુખને ચાહે છે. તે સુખ ક્ષણિક નહિ પણ **અવિનાશી** હોવું જોઇએ. તેવું **સુખ આત્મામાંથીજ** મળી શકે છે. યથાર્થ **જ્ઞાનશ્રદ્ધા** અને **ચારિત્ર્યયોગે** તે પ્રાપ્ત થાય છે. આત્મામાં જે અનંત શક્તિ ગુણરાશી રહેલી છે તેની બરાબર **સમજ**, તેવો **દ્રઢવિશ્વાસ** અને તે પ્રગટ કરવા સર્વજ્ઞ વચનાનુસારે સત્કર્તવ્ય સેવવું એ સુખ પ્રાપ્તિનો **અમોઘ** ઉપાય છે. અજ્ઞાન અને મોહ-વશ એવો માર્ગ ભુલાઇ ગયો છે અને ખોટો **માર્ગ** પકડી લેવાગો છે, તેથીજ જીવ સુખને બદલે દુઃખમાંજ પડતો જાય છે. આવી દુઃખદાયી સ્થિતિ ચલાવવા દેવી કોઇ રીતે વ્યા-જબી નથીજ. તેથી **પ્રત્યેક જીવનો ઉદ્ધાર** કેમ થાય તેવું ચિન્તવન કરતા રહેવું તે **મૈત્રીભાવ**, બનતા મનથી, **વચનથી**, કે ધનથી ગમે તે રીતે દુઃખી જીવના દુઃખનો અંત આણવા દિલ પ્રયત્ન કરવો તે **કરૂણાભાવ**, સુખી કે સદ્ગુણીને દેખી કે સાંભળી દીલમાં પ્રમુદિત થવું તે **પ્રમોદભાવ** અને ગમે તેવાં નિંદ્ય-નિર્દય કર્મ કરનારને પણ કરૂણા-બુદ્ધિથી સમજાવી ઠેકાણે પાડવાનું બની શકે એમ નજ હોય ત્યારે છેવટે તેને કર્મવશ સમજી, રાગ દ્વેષ રહિતપણે વર્તી સ્વદ્દષ્ટ કર્તવ્ય **પ્રત્યેજ** નિજ લક્ષ રાખવું તે **માધ્યસ્થ-ભાવ** સ્વપરને અત્યંત હિતકારક છે. **આપણે સહુને સાચા મોક્ષ સુખની** પ્રાપ્તી જેવી ઉત્તમ સઘળી **ભાવના** સદોદિત રહેવી જોઇએ. એવી ઉદાર ભાવના જાગ્રત રાખ્યા વગર આપ-ણામાં **સંપ** યા **એકતા** થઇ શકશે નહિ અને તે વગર આપણે એક બીજાનું ખરૂં હિત સાધી શકશું નહિ. સંપવડેજ સઘળું **હિત-શ્રેય** સાધી શકાશે. તેથીજ આપણા **આચારવિચાર**-વાણીમાં જેમ બને તેમ **શુદ્ધિ** સાચવવાની બહુ જરૂર છે. તેમાં જ્યારે સ્વાર્થવશ ગોટાળો વળે છે ત્યારેજ આપણે કલેશ કુસંપ અને દુઃખનાં દર્શન કરીએ છીએ. આપણામાંજ એકતા અને પવિત્રતા હશે તો આપણે સદાય સુસંપ અને સુખ **શાન્તિને ઉપજાવી જાળવી રાખીશુંજ.** એકતા અને પવિત્રતાનો પ્રભાવ કેવો અદ્ભૂત અને અલૌકિક છે તે અનુભવથી સમજાશે.

ઇતિશમ્